Extra No. 411

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII ] FRIDAY, DECEMBER 2, 2016/AGRAHAYANA 11, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**

**છઠ્ઠો માળ, ગીફ્ટ-૧, રોડ-૫ સી**

**ઝોન-૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર,**

**ગુજરાત-૩૮૨ ૩૫૫**

તા .૨૩/૧૧/૨૦૧૬ ના ગુજરાત રાજપત્ર) અસાધારણ (અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ નોટિફીકેશન ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો) (પ્રથમ સુધારો) વિનિયમો, ૨૦૧૬ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

-સહી-

**રૂપવંતસિંહ, આઇ.એ.એસ.**

સચિવ

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

ગાંધીનગર

## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો)

## (પ્રથમ સુધારો) વિનિયમો,૨૦૧૬

## જાહેરનામા ક્રમાંક નં.૬/૨૦૧૬

વિદ્યુત અધિનિયમ ૨૦૦૩(૨૦૦૩ નો અધિનિયમ-૩૬) હેઠળ વિભાગ ૫૦ને, વિભાગ ૧૮૧ (૨)(x ) સાથે વાંચતા, તથા ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુર્નગઠન અને વિનિયમ) અધિનિયમ ૨૦૦૩ (૨૦૦૩ નો ગુજરાત અધિનિયમ-૨૪) વિભાગ ૪૨ (૧)(બી) અને તેના હેઠળ મળેલી સત્તાના આધારે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, આથી, મુખ્ય વિનિયમો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો) વિનિયમો,૨૦૧૫માં સુધારો કરે છે.

**૧ ટૂંકું શિર્ષક, ક્ષેત્ર-વ્યાપ અને પ્રારંભ**

(૧) આ વિનિયમોને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો) (પ્રથમ સુધારો) વિનિયમો, ૨૦૧૬ તરીકે ઓળખવામાં આવશે.

(૨) આ વિનિયમો, ગેઝેટમાં છપાશે તે તારીખથી અમલમાં આવ્યા ગણવામાં આવશે.

**મુખ્ય વિનિયમોનાં ખંડ નં. ૪માં સુધારો**

૨. મુખ્ય વિનિયમોનાં ખંડ નં. ૪.૧૬માં નીચે મુજબ ફેરબદલી કરવી:

"જ્યાની માલિકી કે કબ્જા હક માટે નીચેના દસ્તાવેજો સાબિતી તરીકે સ્વીકાર્ય ગણાશે.

(૧) નોંધણી કરાયેલ વેચાણખત કે ભાડાખતની નકલ અથવા ખેતીવાડી જોડાણના કેસમાં ૭/૧૨, ૮.એ અને હક્ક પત્રક (૬-એ) ની નકલ.

(૨) નગરપાલિકા વેરાની તાજેતરની માંગ નોટિસ અથવા બીજા કોઇ સંબંધિત દસ્તાવેજ (ફક્ત રહેણાંક હેતુનાં જોડાણ માટે).

(3) ફાળવણી પત્ર,

(૪) ગ્રામ કક્ષાના સરકારી પદાધિકારીએ આપેલ માલિકી પ્રમાણપત્ર:

........................................................................"

**મુખ્ય વિનિયમોનાં ખંડ નં. ૬માં સુધારો**

3. મુખ્ય વિનિયમોનાં ખંડ નં. ૬.૭૬માં નીચે મુજબ ફેરબદલી કરવી:

"પરવાનેદારે, જરૂરી સુવિધાઓ સાથે યોગ્ય સ્થળોએ પૂરતી સંખ્યામાં વસૂલાત કેન્દ્રો સ્થાપવા પડશે, જ્યાં ગ્રાહક સહેલાઇથી અને અયોગ્ય ભીડ વિના બિલની રકમ જમા કરાવી શકે. બીલની ચુકવણી માટે વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગ વ્યક્તિઓ અને સ્ત્રીઓને અગ્રતા આપવામાં આવશે. દરેક વસુલાત કેન્દ્ર પર તરત નજરે પડે તે રીતે વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગ વ્યક્તિઓ અને સ્ત્રીઓને અગ્રતા મળશે તેવું દર્શાવતા ડિસપ્લે બોર્ડ લગાવવામાં આવશે. પરવાનેદાર વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગ વ્યક્તિઓને વસુલાત કેન્દ્ર સુધી પહોંચવા માટે ઢોળાવવાળા માર્ગ સહિત યોગ્ય ઇન્ફ્રાસ્ટ્રકચરની સગવડતા પુરી પાડશે."

૪. મુખ્ય વિનિયમોનાં ખંડ નં. ૬.૭૭માં નીચે મુજબ ફેરબદલી કરવી:

"પરવાનેદાર બાકી રકમ ચૂકવવા સુચનારૂપે ૧૫ દિવસની મુદત આપ્યા પછી ગ્રાહક તેની બાકી રકમ ચૂકવવામાં વિલંબ કરે તો તેવા ગ્રાહકને અધિનિયમની કલમ-૫૬ અનુસાર જોડાણ કપાત કરવાની લેખિત સુચના આપી શકશે.

આવી સુચના આગામી બિલીંગ અવધિના વીજળી બિલ સાથે જોડી શકાશે. જો ચેક અમાન્ય ઠરે તો પરવાનેદાર ગ્રાહકને જાણ કરશે અને ૭ દિવસની અંદર રોકડમાં અથવા કંપનીના ઓનલાઈન પેમેન્ટ પોર્ટલ મારફતે અથવા બેન્કર ચેક (પે ઓર્ડર) અથવા RTGS/NEFT મારફત બિલ ચૂકવવા જણાવશે. ગ્રાહક, લાગુ પડે તે પ્રમાણે વિલંબિત ચૂકવણી માટેનો સરચાર્જ, તેમજ ચેક અમાન્ય થવાને કારણે થયેલ ખર્ચ ચૂકવવા જવાબદાર બનશે. ગ્રાહકનો નાણાકીય વર્ષમાં જો ચેક અમાન્ય કર્યાનો એક બનાવ બન્યો હોય તો ગ્રાહકે તે પછી નાણાકીય વર્ષના અંત સુધી માત્ર રોકડેથી અથવા કંપનીના ઓનલાઈન પેમેન્ટ પોર્ટલ મારફતે અથવા બેન્કર ચેક (પે ઓર્ડર) અથવા RTGS/NEFT મારફત તમામ ચૂકવણી કરવાની રહેશે."

**મુખ્ય વિનિયમોનાં ખંડ નં. ૭માં સુધારો;**

૫. મુખ્ય વિનિયમોનાં ખંડ નં. ૭.૬માં નીચે મુજબ ફેરબદલી કરવી:

"વીજળીની ચોરી સાબિત કરતો પર્યાપ્ત પુરાવો મળી આવે તો, પરવાનેદાર કે પુરવઠાકાર અધિનિયમની કલમ-૧૩૫ પેટા ખંડ-(1A) અનુસાર પુરવઠો બંધ કરી શકશે અને સ્થળ પરથી વાયરો, કેબલો, મીટર, સર્વિસ લાઇન વગેરે સહિત તમામ મહત્વપૂર્ણ ભૌતિક પુરાવા જપ્ત કરી શકશે અને આવું જોડાણ કપાત કરાય તેના ૨૪ કલાકની અંદર અધિકારક્ષેત્ર ધરાવતાં પોલીસ મથકમાં આવા ગુના અંગેની લેખિત ફરિયાદ દાખલ કરશે."

૬. મુખ્ય વિનિયમોનાં ખંડ નં. ૭.૧૧માં નીચે મુજબ ફેરબદલી કરવી:

"અહેવાલ પર ખંડ નં ૭.૨૪ મુજબ પરવાનેદાર દ્વારા જારી કરેલ ઓળખ કાર્ડ ધારક અધિકૃત અધિકારી તથા નિરીક્ષણ ટીમનો દરેક સભ્ય સહી કરશે અને તે અહેવાલ સ્થળ પર યોગ્ય પહોંચ હેઠળ ગ્રાહકને અથવા તેના/તેણીના પ્રતિનિધિને તરતજ સુપરત કરવાનો રહેશે. ગ્રાહક કે તેના અધિકૃત પ્રતિનિધિ તે સ્વીકારવા કે પહોંચ આપવાનો ઇન્કાર કરે તો નિરીક્ષણ અહેવાલની નકલ જગ્યા માં/બહાર નજરે પડે તેવા સ્થળે ચોંટાડી શકાશે અને તેનો ફોટોગ્રાફ લેવામાં આવશે. સાથોસાથ નિરીક્ષણના દિવસે કે બીજા દિવસે અહેવાલ રજીસ્ટર્ડ ટપાલ/સ્પીડ પોસ્ટ અન્વયે ગ્રાહકને મોકલવામાં આવશે."

૭. મુખ્ય વિનિયમોનાં ખંડ નં. ૭.૧૮માં નીચે મુજબ ફેરબદલી કરવી:

"આકારેલ રકમ ચૂકવવામાં કસૂરના કેસમાં પરવાનેદાર લેખિત ૧૫ દિવસની નોટિસ આપ્યા પછી અધિનિયમની ૨003ની આપેલી જોગવાઇઓ અનુસાર આકારેલ રકમ પાછી મેળવવા માટે સિવિલ સ્યુટ ફાઇલ કરવા વગેરે જેવી જરૂરી યોગ્ય કાર્યવાહી કરશે."

૮. મુખ્ય વિનિયમોનાં ખંડ નં. ૭.૨૯માં નીચે મુજબ ફેરબદલી કરવી;

"અહેવાલમાં અધિકૃત/આકારણી અધિકારીએ, નિરીક્ષણ ટીમના દરેક સભ્યે અને ગ્રાહકે સહી કરવાની રહેશે, જો ગ્રાહક અહેવાલમાં સહી નહીં કરે તો તેની નિરીક્ષણ અહેવાલમાં નોંધ કરાશે અને અહેવાલ યોગ્ય પહોંચ હેઠળ સ્થળ પર તત્કાલ ગ્રાહક કે તેના/તેણીના પ્રતિનિધિને સોંપશે. નિરીક્ષણ અહેવાલ સ્વીકારવા કે તેની પહોંચ આપવાનો ગ્રાહક કે તેના/તેણીના પ્રતિનિધિ ઇન્કાર કરે તો જગ્યા ની અંદર/બહાર નજરે પડે તેવા સ્થળે તેને ચોંટાડી શકાશે અને તેનો ફોટોગ્રાફ લઇ શકાશે, સાથોસાથ, નિરીક્ષણના દિવસે કે બીજા દિવસે અહેવાલ ગ્રાહકને રજીસ્ટર્ડ ટપાલ/સ્પીડ પોસ્ટથી મોકલાશે."

**મુખ્ય વિનિયમોનાં ખંડ નં. ૮માં સુધારો;**

૯. મુખ્ય વિનિયમોનાં ખંડ નં. ૮.૫માં નીચે મુજબ ફેરબદલી કરવી:

"પરવાનેદાર, ગ્રાહકોનું અનધિકૃત પુર્નજોડાણ અટકાવવા જોડાણ કપાત કરવાના પગલાં ઉપર વર્ણવેલ રીતે લેશે. જ્યારે પરવાનેદાર શોધી કાઢે કે જોડાણને અનઅધિકૃત રીતે ફરી જોડાણ કરવામાં આવ્યું છે, ત્યાં પરવાનેદાર અધિનિયમની કલમ-૧૩૮ની જોગવાઇ અનુસાર કાર્યવાહી શરૂ કરશે. વધુમાં પરવાનેદાર શોધી કાઢે કે આવી જગ્યામાં પૂરવઠો અન્ય ચાલુ જોડાણમાંથી પુર્નસ્થાપિત કરાયો છે તો તેવા કિસ્સામાં દર્શાવેલ કપાત કરેલ જોડાણની

તમામ બાકી નીકળતી રકમો આવા ચાલુ જોડાણના ખાતામાં તબદીલ કરાશે અને આવી તબદીલ કરાયેલ બાકી રકમની ચૂકવણી નહીં કરાય તો તેની પ્રક્રિયા ખંડ ૮.૩(૧) પ્રમાણે કરાશે."

**મુખ્ય વિનિયમોનાં જોડાણ નં. ૪માં સુધારો;**

૧૦. આકારણી ફોર્મ્યુલામાં "H " નીચે મુજબ ગણવામાં આવશે;

"H= ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો) વિનિયમો,૨૦૧૫ નાં ખંડ ૭.૭ માં લેવામાં આવેલ સમયગાળાનાં દિવસોનાં કલાકોની સંખ્યા."

૧૧. જોડાણ નં. ૪ પરનાં કોષ્ટકનાં ક્રમ નં. ૭ અને ૧૧ માં નીચે મુજબ ફેરબદલી કરવી;

| ક્રમ નં. | વિગતો | લોડ ફેક્ટર |
|---|---|---|
| ૭ | ખેતીવાડી –મીટરયુક્ત- | |
| ૭(એ) | ગ્રાહકો ખેતીવાડી પ્રભાવશાળી ફીડરમાંથી વીજપુરવઠો મેળવતા હોઇ | ૨૫% |
| ૭(બી) | ગ્રાહકો ખેતીવાડી પ્રભાવશાળી ફીડર સિવાયનાં ફીડરોમાંથી વીજપુરવઠો મેળવતા હોઇ | ૫૦% |
| ૧૧ | સીધી ચોરી તમામ વર્ગના વીજ ગ્રાહકો માટે | ઉપરનાં ક્રમ નં. ૧થી ૧૦માંના સંબંધિત ગ્રાહક વર્ગો માટેનાં લોડ ફેક્ટરનાં ૧.૨૫ ગણા, કે જે મહત્તમ ૧૦૦% થી વધવા ન જોઇએ. |

**રૂપવંતસિંહ, આઇ.એ.એસ.**
સચિવ
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
ગાંધીનગર.

તા. ૦૨.૧૨.૨૦૧૬
ગાંધીનગર

------------